ગાંધીનગર સમાચાર

પાકિસ્તાનનો ફરી જોરદાર ગોળીબાર

માત્ર ઓક્ટોબર મહિનામાં ૧૭ વખત યુદ્ધવિરામનો ભંગ : ગોળીબારમાં ૯ લોકો ઘાયલ

જમ્મુ, તા.૭

જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર જારી રાખ્યો છે. આ ગોળીબારમાં વધુ નવ લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળેલ છે. સરહદ સુરક્ષાદળના પ્રવક્તાએ આજે માહિતી આપતા કહ્યું હતું કે,આ મહિનામાં ૧૭મી વખત યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાને ૪૦ સરહદી ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો. આ ઉપરાંત અન્ય ૨૫ ટાર્ગેટ પર પણ ગોળીબાર કર્યો હતો. જમ્મુ કાશ્મીરના જમ્મુ અને સાંબા જિલ્લામાં મોર્ટારનો મારો ચલાવાયો હતો. તોપમારા અને ગોળીબારના કારણે ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. બીએસએફના જવાનોએ પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા યુદ્ધવિરામનો જડબાતોડ જવાબ આપ્યો હતો. એક જ દિવસમાં ચાર વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. ગોળીબારની રમઝટ કલાકો સુધી જારી રહી હતી. આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર બીએસએફની ચોકીઓને ટાર્ગેટ બનાવીને આ ગોળીબાર કરાયો હતો. બીએસએફની ૪૦ ચોકીઓને આના કારણે અસર થઈ હતી. પાકિસ્તાને સાંબા જિલ્લા અને જમ્મુમાં આઈબી ખાતે અરનિયા, આરએસપુરા, કનાચક અને પરગવાલ સબસેક્ટરમાં ગોળીબાર કર્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, પાકિસ્તાનના જવાનોએ કનાચક અને પર્ગવાલમાં બીએસએફની તમામ ચોકીઓને ટાર્ગેટ બનાવી ગોળીબાર કર્યો હતો. લોકોમાં ભારે દહેશત ફેલાયેલી છે. આગામી દિવસોમાં ભારત વધુ કઠોર કાર્યવાહી કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. કેપોમાં એક હજાર લોકોને ખસેડવામાં આવ્યા છે. પહેલી ઓક્ટોબર બાદથી જમ્મુ કાશ્મીરમાં ૧૭ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે જેમાં છ લોકોના મોત થયા છે અને ૫૦ લોકો ઘાયલ થયા છે. આઈબી અને અંકુશ રેખા પર તમામ જગ્યાઓએ હુમલા થયા છે.

ઉદ્ધવ અને રાજ ઠાકરેને સાથે લાવવા માટેના પ્રયાસો જારી

મુંબઇ,તા. ૭

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે શિવ સેનાના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેને ફરી એક સાથે લાવવાના પ્રયાસ થઇ રહ્યા છે. વિધાનસભાની ચૂંટણી બાદ પણ આ પ્રયાસો જારી રહે તેવી શક્યતા છે. સામાન્ય ભાજપ વિરોધી એજન્ડાના કારણે બન્ને ફરી નજીક આવી શકે છે. નજીકના સુત્રોએ કહ્યું છે કે વિધાનસભાની ચૂંટણી બાદ પણ બન્નેને એક કરવાના પ્રયાસ જારી રહેશે. મહારાષ્ટ્રમાં તેમના મતભેદો દુર કરવા માટે રાજ અને ઉદ્ધવ માટે અનેક કારણો છે. પંડિતો કહે છે કે જો બન્ને સાથે આવે તો તેમને ફાયદો થઇ શકે છે. બન્નેને ખુબ નજીકથી ઓળખતા મિત્રોનુ કહેવુ છે કે તેઓ આ કામ કરવા મક્કમ બનેલા છે બન્ને નેતાઓ સાથે આ મિત્રો અનૌપચારિકરીતે વાત પણ કરી ચુક્યા છે. ભાજપ અને શિવ સેના વચ્ચે સંબંધ તુટી ગયા બાદ હવે તેમની મિત્રતા વધી શકે છે. બન્નેને ભેગા કરવા ગંભીર પ્રયાસો શરૂ થઇ ચુક્યા છે. ૨૫ વર્ષના લાંબા ગાળા બાદ ભાજપ અને શિવ સેનાના સંબંધ હાલમાં તુટી ગયા હતા. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતા પણ ભાજપથી નારાજ છે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે બન્નેની ભાજપથી ાનારાજગી તેમને નજીક લાવી શકે છે. ટુંકમાં હવે તેમની વચ્ચે મતભેદો દુર થાય તે માટે આદર્શ પરિબળો રહેલા છે. મહારાષ્ટ્રમાં નરેન્દ્ર મોદી ઝંઝાવતી પ્રચારના ભાગરૂપે ૨૦થી વધુ રેલી કરનાર છે ત્યારે ઉદ્ધવ અને રાજ મહારાષ્ટ્રમાં ભાજપને ટાર્ગેટ બનાવવાની શરૂઆત કરી ચુક્યા છે.

એનસીપીના નેતા શરદ પવાર પણ મોદીને ટાર્ગેટ બનાવી રહ્યા છે. આ વખતે મહારાષ્ટ્રની ચૂંટણી બાદ નવા રાજકીય સમીકરણ રચાય તેના સંકેત દેખાઇ રહ્યા છે. મોદી લહેર છે કે કમ તે બાબત પણ જાણી શકાશે. મહારાષ્ટ્રમાં ૧૫મી ઓક્ટોબરે મતદાન યાજનાર છે. શિવ સેના અને ભાજપ તેમજ કોંગ્રેસ અને એનસીપી તમામ છુટા પડી ગયા છે.

મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપીથી મુક્તિનો સમય આવી ગયો : મોદી

મુંબઈ, તા.૭

હરિયાણામાં આક્રમક ચુંટણી પ્રચાર કર્યાના એક દિવસ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રમાં પણ હાઈવોલ્ટેજ ચુંટણી પ્રચાર કરીને કોંગ્રેસ તથા એનસીપી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, તેમની ઉપસ્થિતિમાં મહારાષ્ટ્રનું વિભાજન ક્યારેય થશે નહીં. મોદીએ એક પછી એક આક્રમક રેલીઓ યોજી હતી. જલગાંવ, શિંદખેડા અને બુલધાનામાં ઝંઝાવતી પ્રચાર કરીને મોદીએ કહ્યું હતું કે તેઓ માત્ર ગુજરાત માટે નહીં બલ્કે સમગ્ર દેશ માટે કામ કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં ખેડૂતોની આત્મહત્યા માટે કોંગ્રેસ જવાબદાર છે. શિંદખેડામાં ચુંટણી પ્રચાર કરતા મોદીએ કહ્યું હતું કે, જ્યાં સુધી તેઓ દિલ્હીમાં છે ત્યાં સુધી મહારાષ્ટ્રનું કોઈપણ વિભાજન કરી શકે નહીં. વડાપ્રધાને કહ્યું હતું કે, કેટલાક લોકો એવી અફવા ફેલાવી રહ્યા છે કે, મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવામાં આવી શકે છે. તેમણે એમપણ કહ્યું હતું કે, મુંબઈ વગર મહારાષ્ટ્ર અને મહારાષ્ટ્ર વગર મુંબઈનું અસ્તિત્વ નથી. જોકે, મોદીના નિવેદનથી અલગ વિધર્ગની માંગને ફટકો પડ્યો છે. મોદીએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે, તેઓ ગરીબીમાં રહી ચુક્યા છે.

જેથી ગરીબ લોકોની તકલીફને તેઓ સમજે છે. મોદીએ શિવસેનાના કોઈ હુમલાનો જવાબ આપ્યો નહતો. હાઈવોલ્ટેજ ચુંટણી પ્રચારમાં મોદીએ જંગી બહુમતી ભાજપને આપવા અપીલ કરી હતી. કોંગ્રેસ અને એનસીપીતી મુક્તિનો સમય આવી ગયો છે. મહારાષ્ટ્રને કૌભાંડોના ઘર તરીકે કોંગ્રેસે બનાવ્યું છે અમે મહારાષ્ટ્રને કુશળતાથી ભરેલા મહારાષ્ટ્ર બનાવવા ઈચ્છુક છીએ. તેમણે કહ્યું હતું કે, તેમનું કામ ગરીબો માટેનું છે. ખેડૂતથી લઈને ફાયબર અને ફેબ્રીકથી લઈને ફેશન સુધી મહારાષ્ટ્રને આગળ વધારવામાં આવશે. તેઓ એફ-૫ ફોર્મ્યુલા ધરાવે છે જેમાં ફાયબર, ફેશન, ફેબ્રિક અને ફોરેનનો સમાવેશ થાય છે. કોંગ્રેસ અને એનસીપી ચુંટણીમાં બે આંકડા સુધી પણ પહોંચી શકશે નહીં તેઓ દાવો કરતા મોદીએ કહ્યું હતું કે, લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસની જેવી હાર થઈ હતી તેવી હાર થશે.

પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણની ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે, એનસીપી-કોંગ્રેસના શાસન હેઠળ સ્થિતિ ખૂબ જ કફોડી બની ગઈ છે. ૬૦ વર્ષથી કોંગ્રેસે પંચાયતથી લઈ સંસદ સુધી શાસન કર્યું છે. પરંતુ તેઓએ કોઈ રિપોર્ટ કાર્ડ રજુ કર્યા નથી. મોદીએ આજે એક પછી એક ઝંઝાવતી ચુંટણી પ્રચાર કર્યા હતા. જેમાં ખંબાગાંવનો સમાવેશ થાય છે. અહીં સંબોધનમાં મોદીએ કહ્યું હતું કે, ભ્રષ્ટાચારથી મુક્તિનો હવે સમય આવી ગયો છે. ૧૫ વર્ષથી ચાલી રહેલા ભ્રષ્ટાચારનો હવે અંત લાવવાની જરૂર છે. ગુજરાતના સરદાર સરોવર બંધના નિર્માણથી વિજળી મળશે. પરિવહન માટે થોડાક સપ્તાહનો સમય બાકી રહ્યો છે. મહારાષ્ટ્રને કોંગ્રેસ મુક્ત બનાવવામાં આવશે. જલગાંવમાં પણ તેઓએ પ્રચારમાં ભાગ લીધો હતો. મોદીએ મહારાષ્ટ્રમાં કોંગ્રેસના નેતૃત્વમાં સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, સરકાર ખેડૂતોની હત્યા કરનાર બની ગઈ છે. કોંગ્રેસ સરકાર મહારાષ્ટ્રમાં ખેડૂતોની આત્મહત્યા માટે જવાબદાર છે. ગરીબો માટે તેમની સરકાર દ્વારા ઘણા પગલા લેવામાં આવી રહ્યા છે. રાજઠાકરેના આરોપનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે, તેઓ ગુજરાત માટે નહીં બલ્કે તેઓ તમામ માટે કામ કરી રહ્યા છે.

જયલલિતાને જામીન આપવા હાઈકોર્ટે કરેલો સ્પષ્ટ ઈન્કાર

બેંગ્લોર, તા.૭

તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણકે, કર્ણાટક હાઈકોર્ટે અપ્રમાણ સંપત્તિ કેસમાં જયલલિતાને જામીન આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. જસ્ટીસ એવી ચંદ્રશેખરે કહ્યું છે કે, તાત્કાલિક જામીન આપવાની માંગ કરવાની બાબત બિલકુલ અયોગ્ય છે. ચાર વર્ષની જેલની સજા ટ્રાયલ કોર્ટ દ્વારા જયલલિતાને ફટકારવામા આવી છે. જયલલિતા દ્વારા ચાર વર્ષની સજાને સસ્પેન્સન હેઠળ રાખવાની માંગણીને પણ ફગાવી દીધી હતી. જયલિલતાને જામીન આપવા માટે કોઈપણ આધાર નથી. જસ્ટિસ ચંદ્રશેખરે ઉમેર્યું હતું કે, ભ્રષ્ટાચાર માનવ અધિકારોના ભંગ સમાન છે. આનાથી આર્થિક અસંતુલા ઉભી થાય છે. સુપ્રીમ કોર્ટ તરફથી મળેલા આદેશના અનુંસંધાનમાં જામીનનો ઈન્કાર કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચા આજે રહી હતી. બીજીબાજુ અન્નાદ્રમુકના કાર્યકરો કોર્ટની બહાર ઉત્સુક્તાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. પરંતુ તેમને એ વખતે ફટકો પડ્યો હતો જ્યારે તેમને જાણવા મળ્યું કે, જયલલિતાને જામીન મળી રહ્યા નથી. પ્રોસીક્યુશન દ્વારા કોઈ વિરોધ

કરવામાં ન આવ્યો હોવા છતાં જયલલિતાની જામીન અરજીને ફગાવી દેવાતા સમર્થકોની ખુશી દુઃખમાં ફેરવાઈ ગઈ હતી. જયલલિતાનું નેતૃત્વ વરિષ્ઠ વકિલ રામજેઠમલાની દ્વારા કરવામાં આવ્યું હતું. જેઠમલાનીએ ઘાસચારા કૌભાંડમાં અપરાધી જાહેર થયેલા લાલુ યાદવને પણ જામીન અપાવવામાં સફળતા મેળવી હતી. હાઈકોર્ટે લાલુને જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા તેમને જામીન મળી ગયા હતા. ૯૦ મિનિટની જુબાનીમાં જેઠમલાનીએ ખાતરી આપી હતી કે જામીન માટે જે કંઈપણ શરતો મુકાશે તેને પાળવામાં આવશે. તેઓ પૂર્વ મુખ્યમંત્રી છે જેથી દેશમાંથી ફરાર થશે નહીં. ડિફેન્સ વકીલે પણ આરોગ્યના આધાર પર જામીનની માંગણી કરી હતી અને કહ્યું હતું કે, જયલલિતા ડાયાબીટીસ, લો બ્લડપ્રેસર અને પીઠમાં દુઃખાવાની ફરીયાદ ધરાવે છે. તેઓ ૬૬ વર્ષના થઈ ચુક્યા છે. જોકે, કોર્ટે તમામ દલીલોને ફગાવી દીધી હતી. કોર્ટે શશીકલા, વીએન સુધાકરન અને ઈલા વરાસીના જામીન પણ ફગાવ્યા હતા. જયલલિતાને બેંગ્લોરની જેલમાં જ રહેવું પડશે. ૨૭મી સપ્ટેમ્બરે ખાસ અદાલતે જયલલિતાને અપરાધી ઠેરવીને ૬૬ કરોડના અપ્રમાણ સંપત્તિ કેસમાં ચાર વર્ષની જેલની સજા ફટકારી હતી.

પટણા ભાગદોડ : ૭ ડોક્ટરો સામે પગલા

પટણા, તા.૭

બિહાર સરકારે પટણા ભાગદોડ સાથે સંબંધિત મામલામાં કાર્યવાહી કરવાની શરૂઆત કરી દીધી છે. બેદરકારી બદલ પટણા મેડિકલ કોલેજ અને હોસ્પિટલના એમએસને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત સાત તબીબો સામે કઠોર કાર્યવાહી કરવામાં આવી છે. ત્રીજી ઓક્ટોબરના દિવસે ભાગદોડના બનાવ બાદ જ્યારે દર્દીઓને હોસ્પિટલમાં લવાયા ત્યારે ઉપસ્થિત નહીં રહેવા બદલ ૭ તબીબો સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. એમએસ લખીન્દર પ્રસાદને સસ્પેન્ડ કરાયા છે. પ્રિન્સીપાલ એસએન સિંહાને વધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

હેલ્થ સેક્રેટરી આનંદ કિશોર દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. કિશોરે કહ્યું હતું કે, ચાર તબીબો જેમાં સર્જરી, યુરોલોજી અને ઓર્થોપેડીક્સ રેન્કના છે. તેમને પટણાની બહાર બદલી કરીને મોકલી દેવામાં આવ્યા છે. પટણામાં દશેરાના દિવસે થયેલી ભાગદોડમાં ૩૪ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને અન્ય મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. વિભાગીય તપાસનો આદેશ પણ કરવામાં આવી રહ્યો છે. હોસ્પિટલના તબીબો સામે કઠોર કાર્યવાહી ચાલી રહી છે. આ ભાગદોડની ઘટનામાં અન્ય ૨૯ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને હજુ પણ સારવાર આપવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દોષિત હોવાનો આક્ષેપ ભાજપ દ્વારા કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત અહેવાલ મુજબ મુખ્યમંત્રી જીતનરામ માંઝી અને આરોગ્ય પ્રધાન રામધાનીસિંહની મંજુરી બાદ એમએસને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરાયો છે. સાથે-સાથે તબીબો સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. હજુ વધુ પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

ચીનની સરહદે એર, રેલ-રોડ કનેક્ટીવીટી

નવી દિલ્હી,તા.૭

સરહદ ઉપર ચાવીરૂપ રેલવે લાઈન બિછાવવાને લઈ ભારતમાં કોઈ પ્રવૃત્તિ આગળ વધી શકી નથી. બીજી બાજુ તેના હરીફ દેશ ચીને વાસ્તવિક અંકુશ રેખાના ૩૪૮૮ કિલોમીટર લાંબા વિસ્તારમાં એર, રેલ અને રોડ કનેક્ટીવિટી સ્થાપિત કરી દીધી છે. એલએસી ઉપર પાંચ સંપૂર્ણપણે ઓપરેશનલ એવા એરબેઝ પણ ચીને બનાવી લીધા છે. ઉપરાંત વ્યાપક રેલવે નેટવર્ક પણ ચીને ઊભું કર્યું છે. એટલામાં ઓછું હોય તેમ તિબેટ સ્વાયત પ્રદેશમાં ૫૮૦૦૦ કિલોમીટર વિસ્તારમાં માર્ગો પણ બનાવી લીધા છે. ચીન સામે સંઘર્ષની સ્થિતિમાં પણ ભારતને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે ચીન ભારતથી ખૂબ આગળ નીકળી ચૂક્યું છે.

ભારત-વિન્ડીઝ વચ્ચે આજે કોચી ખાતે પ્રથમ વન ડે જંગ

કોચી,તા. ૭

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આવતીકાલથી વન ડે શ્રેણીની શરૂઆત થઈ રહી છે.વનડે શ્રેણીને લઈને ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કોચીમાં જવાહર લાલ નહેરુ સ્ટેડિયમ ખાતે મેચ રમાનાર ચે. ડે નાઈટ મેચ દરમિયાન વરસાદ વિલન બને તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન વિભાગે કહ્યું છે કે આગામી બે દિવસ દરમિયાન કેરળમાં વરસાદ થઈ શકે છે. જો વરસાદ થશે તો ચાહકોની મજા બગડી જશે. બીજી બાજુ કેરળ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ ટીસી મેત્યુએ કહ્યું છે કે કોઈ પણ સ્થિતીનો સામનો કરવા સંસ્થા તૈયાર છે. બે કલાકના ગાળામાં જ મેદાનને ફરી વ્યવસ્થિત કરવામાં આવી શકે છે. મેદાન પર શ્રેષ્ઠ ડ્રેનેજ સિસ્ટમ છે. ટિકિટોનુ વેચાણ ચાલી રહ્યું છે. પ્રથમ મેચ આ મેદાન પર વર્ષ ૧૯૯૮માં રમાઈ હતી. ત્યારબાદ આવતીકાલની મેચ ૧૦મી મેત રહેશે. ભારત માટે આ મેદાન ખુબ શુભ છે. કારણ કે ભારતે અહી છ મેચોમાં જીત મેળવી છે અને બે મેચોમાં હારનો સામનો કર્યો છે. એક મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી.

મેથ્યુએ કહ્યું છે કે અહીની પીચ બેટિંગ અને ઝડપી બોલર બન્નેને મદદ કરશે. જો કે તમામ બાબતો વરસાદ પર આધારિત રહેશે. મેદાનમાં ૫૦૦૦૦ સીટ છે. ટિકિટોની કિંમત ૨૦૦થી ૧૫૦૦ રૂપિયા રાખવામાં આવી છે. ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ શાનદાર ફોર્મમાં દેખાઈ રહી છે. ટીમમાં અશ્વીનને આરામ આપવામાં આવ્યો છે. તેની જગ્યાએ કુલદીપને સામેલ કરવામાં આવ્યો છે. વિરાટ કોહલી, શિખર ધવવ, સુરેશ રેના, કેપ્ટન ધોની પર તમામની નજર રહેશે. ભારતીય ટીમ પર ઘરઆંગણે વધારે દબાણ છે. ભારતીય ટીમ નીચે મુજબ છે. મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન), શિખર ધવન, રહાણે, વિરાટ કોહલી, રાયડુ, સુરેશ રૈના, રવિન્દ્ર જાડેજા, અમિત મિશ્રા, ભુવનેશ્વર કુમાર, મોહમ્મદ સામી, મોહિત શર્મા, ઉમેશ યાદવ, મુરલી વિજય, કુલદીપ યાદવ.

વિન્ડીઝ ટીમ : બ્રાવો (કેપ્ટન), સુલેમાન બેન, ડેરેન બ્રાવો, હોલ્ડર, જોન્સન, પોલાર્ડ, રામદીન, રામપોલ, રોચ, રસેલ, સમ્મી, સેમ્યુઅલ, સિમોન, વાયને સ્મિથ,ટેલર, સુનીલ નારેન

વર્ધમાન બ્લાસ્ટ બાદ પશ્ચિમ બંગાળમાં હાઇ એલર્ટ જાહેર

કોલકત્તા,તા. ૭

વર્ધમાન બ્લાસ્ટ બાદ સાવચેતીનાના પગલારૂપે પશ્ચિમ બંગાળમાં હાઇ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. સાથે સાથે રાજ્ય સાથે જોડાયેલી બાંગલાદેશ, ભુટાન અને નેપાલની આંતરરાષ્ટ્રીય સરહદને સીલ કરી દેવામાં આવી છે. આ ઉપરાતં ઝારખંડ, બિહાર, ઓરિસ્સા, સિક્કિમ અને આસામની સરહદોને પણ સિલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ બ્લાસ્ટના સંબંધ બાંગલાદેશના ત્રાસવાદી સંગઠન જમાયત ઉલ મુઝાહીદીન સાથે જોડાયેલા હોવાના અહેવાલને સમર્થન મળ્યા બાદ સુરક્ષા મજબુત કરવામાં આવી છે.વર્ધમાનમાં ખગરાગઢ સ્થિત જે આવાસમાં બ્લાસ્ટ થયો હતો તે આવાસમાં સંગઠનના લોકો હતા. તેના કેન્દ્ર તરીકે આ સ્થળ હતુ. આ ટીએમસી નેતાના ઘરની સાથે સાથે આ ઇમારતમાં પાર્ટીની સ્થાનિક ઓફિસ પણ હતી. પોલીસની કસ્ટડીમાં રહેલા શકમંદ ત્રાસવાદી શીકલની પત્નિ રાજીરા બીબીએ પોલીસની સામે આ વાત કબુલી છે. ટાસ્ક ફોર્સ હવે જુદા જુદા એન્ગલથી તપાસ કરી રહી છે. કોલકત્તા અને આસાપાસના વિસ્તારમાં કોઈ બ્લાસ્ટની ખતરનાક યોજના છે કે કેમ તેમાં તપાસ કરવામાં આવી રહી છે. તપાસ ટીમ દ્વારા કૌશર નામના એક શખ્સનો સ્કેચ પણ જારી કર્યો છે. એવો આરોપ છે કે તે બાંગલાદેશથી વિસ્ફોટક ચીજવસ્તુઓના કેરિયરમાં કામ કરે છે. બીજી બાજુ ઘટનાસ્થળેથી મળેલા એક બોમ્બના ટાઈમરમાં એક વર્ષ બાદનો વિસ્ફોટ થવાનો સમય મુકવામાં આવ્યો છે. એવી શંકા છે કે બોમ્બમાં સમય નક્કી કરતી વેળા ભુલ થવાથી તે બીજી ઓક્ટોબરના દિવસે બ્લાસ્ટ થયો હતો.

તમામ એક્સપ્રેસ અને મેઇલ ટ્રેનોમાં ટુંકમાં બ્રાન્ડેડ ભોજન

નવીદિલ્હી, તા.૭

રેલવે યાત્રીઓને આગામી મહિનાથી રેડી ટુ ઇટ ભોજનની સુવિધા મળી શકશે. તમામ એક્સપ્રેસ અને મેઇલ ટ્રેનોમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવાની તૈયારી કરી લેવામાં આવી છે. રેલવે દ્વારા કેટલીક મહત્વકાંક્ષી યોજના તૈયાર કરવામાં આવી છે. ક્વોલિટી અને આરોગ્યપ્રદ ભોજન તમામ રેલવે યાત્રીઓને મળે તેનો મુખ્ય હેતુ રાખવામાં આવ્યો છે. રેલવે દ્વારા પ્રતિષ્ઠિત બ્રાન્ડને મંજુરી આપવા એક મુસદ્દા નીતિ તૈયાર કરી છે જેના ભાગરુપે આઈટીસી, એમટીઆર, મેયાસ, કોહીનુર ફુડ અને કેલોગનો સમાવેશ થાય છે જે ટ્રેનમાં ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવવા ઉત્સુક છે. પ્રથમ તબક્કાના ભાગરુપે બ્રાન્ડેડ પહેલા જ તૈયાર કરવામાં આવેલા ફુડની સુવિધા તમામ મેઇલ અને એક્સપ્રેસ ટ્રેનોમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. પેન્ટ્રી કાર્ડ ધરાવનાર ટ્રેનોમાં આ સુવિધા ઉપલબ્ધ રહેશે. કેટરિંગ સર્વિસ ઉપરાંત પસંદગીના ભોજન યાત્રીઓને મળી શકશે. મેનુકાર્ડનો ઉપયોગ કરીને યાત્રીઓને સુવિધા અપાશે. રેડી ટુ ઇટ વસ્તુઓમાં વજન અને રેટનો ઉલ્લેખ રહેશે. આ ભોજન ગરમ અને સીલપેકમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઝોનલ રેલવે અધિકારીઓ દ્વારા પ્રિ-કૂકડ ભોજનના રેટ ફિક્સ કરવામાં આવશે. આ રેટ કેટર્સ દ્વારા જે ચાર્જ લેવામાં આવે તે ચાર્જ કરતા જુદા રહેશે નહીં. રેલવે યાત્રીઓને વધુ સારી સુવિધા મળે તે હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઝોનલ રેલવે દ્વારા કંપનીઓની પસંદગી કરવામાં આવશે. બ્રાન્ડેડ રેડી ટુ ઇટ વસ્તુઓમાં વેરાઇટી, ક્વોલિટી, આરોગ્ય અને પોશાય તેવી કિંમતોને પ્રાથમિકતા આપવામાં આવશે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધારધોરણો ભોજન બનાવતી કંપનીઓને પાળવા પડશે. ટ્રાયલના આધાર પર હાઈ ડિમાન્ડ ધરાવતા રુટ ઉપર પ્રિમિયમ ટ્રેનોમાં આની શરૂઆત થઈ ચુકી છે.

ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

હકીકત એ છે કે પિતાનું ઘર હોય કે પતિનું અથવા દીકરાનું ઘર, છાના ખૂણે નીકળેલા ડૂસકા કોઈને સંભળાતા નથી. મહત્વની વાત તો એ છે કે આજે ૨૧મી સદીમાં પણ વર્કિંગ વૂમન હોવા છતા સ્ત્રીનું પોતાનું કહી શકાય એવું મોટા ભાગના કિસ્સામાં કશું જ હોતું નથી. ઘર પતિ અથવા દીકરાની માલિકીનું થઈ જાય. ઘરમાં સ્ત્રીએ પુરુષની માફક જ જતનથી સઘળું અર્પણ કરીને હોમી દીધું હોય તો પણ જાણે આંગળીથી નખ વેગળાં જ રહે છે.

સ્ટોપર :-

સ્ત્રીને આંતર-બાઝા સ્વાતંત્ર્ય કોઈ બહારની વ્યક્તિ આપી કે અપાવી શકે નહી, સ્ત્રીએ પોતે જ આ માટે પોતાનો અવાજ ઉઠાવવો રઝ્ઝો.

સમાઝ

સમાચાર ઝલક

- **ભારતના મિશન માર્સની મશ્કરી બદલ ન્યૂયોર્ક ટાઈમ્સે માફી માંગી.**
- **વિમાનમાં એકલા ઉડાન ભરનારા પ્રથમ મહિલા 'જેરી'ની વિદાય.**
- **મરાઠી, ઉર્દુ, હિન્દી માધ્યમના શિક્ષકોની ભારે તંગી : વિદ્યાર્થીઓના ભાવિ સામે સમસ્યા.**
- **શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેશન હવે મહિલા ડ્રાઈવર ટેક્ષી શરુ કરશે.**
- **બિલ્ડરોએ સ્ટેમ્પ ડયુટીની સાડા ત્રણ ટકા રકમ સરકારમાં જમા કરાવવાની રહેશે.**
- **રાજસ્થાનમાં વાયરલ ઈન્ફેકશનથી કિડની ફેઈલના બનાવો વધ્યા.**
- **રાજકોટમાં એક વૃદ્ધની લાશ માટે બબ્બે વારસદાર ઉભા થયા.**
- **યુરોપ-મધ્ય-પુર્વમાં દુરદર્શનનું પ્રસારણ શરુ થશે.**
- **સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દિવાળી સુધી આકરી ગરમી પડશે : જમીન પરના ગરમ પવનોના કારણે.**
- **વિમા વગર વાહન ચલાવનાર માટે ભારે દંડની જોગવાઈ.**
- **વેરાવળ નજીક સૂત્રાપાડામાં વાવાઝોડા સાથે ત્રણ ઈંચ વરસાદ, કિંદરવા ગામે ત્રણ મહિલાઓ પર વીજળી પડી!**
- **અમદાવાદની શાંતિ જળવાઈ રહે તે માટે હનીફ લંગડને પકડવા પોલિસ સક્રિય.**
- **દિવાળી વેકેશનમાં જમ્મુ-કાશ્મીરના ટુરીઝમ માટે મંદી.**